# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ
ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com


ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૩૬/૧૯-૨૦/ 2202 તારીખ : 26 JUN 2020

પ્રતિશ્રી, **રજી.એ.ડી.** કેસ ન. ૧૩૬/૧૯-૨૦.

**ધીરુભાઈ ભવાનભાઈ ખસિયા,**
ગામ : સાંજણાવદર, તા. ગઢડા (સ્વા.),
જી. બોટાદ.
મો : ૭૫૬૭૦ ૦૩૨૭૨.

**વિષય : ખેતીવાડી વીજ કનેક્શનના પોલ અને લાઈન મેન્ટેનન્સ બાબત.**

સંદર્ભ :૧) આપનો પત્ર તા. ૨૬.૦૨.૨૦..

માનનીય શ્રી,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર
O/C

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી,ગઢડા

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ગ્રામ્ય-૨ ગઢડા,**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પી.જી.વી.સી.એલ, ઝોનલ કચેરી,
ભાવનગર.

**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ કેસ નં. ૧૩૬/૧૯-૨૦ નો હુકમ**

વાદી **ધીરુભાઈ ભવાનભાઈ ખસિયા**, ગામ : સાંજણાવદર, તા. ગઢડા (સ્વા.), દ્વારા તેમના ખેતીવાડી વીજ કનેક્શનના માં પોલ અને લાઈન મેઈન્ટેનન્સ બાબત ને લઇને તકરાર ઉભી થતા રજૂઆત કરેલ. જેની ફોરમ દ્વારા પત્ર અત્રેની કચેરીનો પત્ર નં ઝેડ/ફોરમ /૧૩૬/૧૯-૨૦/1003 તા.૦૨.૦૩.૨૦. થી પ્રતિવાદીની કચેરીને યોગ્ય કરવા જાણ કરવામાં આવેલ.

વાદીની સદર ફરિયાદના અનુસંધાને વાદીની ફરિયાદને ધ્યાને લઇ પ્રતિવાદીની ગઢડા ગ્રામ્ય-૨ પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેર દ્વારા ફોરમની ની સુચનાને ધ્યાને લઇ અરજદારને ગ્રાહકની ખેતીવાડી કનેક્શનની લાઈન માટે જરૂરી કામ નવા પોલ ઉભા કરી લાઈન ખેંચી હકારાત્મક નિવારણ કરી આપેલ છે. આમ, વાદીની ફરિયાદનું સંતોષકારક રીતે નિરાકરણ કરવામાં આવેલ છે

આમ, પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી તથા તેમના પત્ર ન. ૧૬૯૭ તા. ૨૦.૦૬.૨૦ થી તેમજ વાદી દ્વારા પણ તેમના લેખિત પત્ર તા. ૧૮.૦૬.૨૦ થી નાયબ ઈજનેરને જણાવેલ છે કે તેમની ફરિયાદનો સંતોષકારક નિકાલ થયેલ છે અને સુખદ નિરાકરણ કરવામાં આવેલ છે. અને હવે વાદીને કોઈ ફરિયાદ રહેતી નથીં, આમ, હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તે મુજબ વાદીની સદર ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે.

આમ વાદીની ફરિયાદનો ગુજરાત વીજ નીયત્રક આયોગના નોટીફીકેશન ન. ૨/૨૦૧૯ના ક્લોઝ ન. ૨.૭૧ મુજબ નિરાકરણ કરવામાં આવેલ હોઈ, વાદીની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| **ગેરહાજર** | (પી. એન. આજકીયા ) | (એમ. આર. વજરીયા) |
| સ્વતંત્ર સભ્યશ્રી | ટેકનીકલ સભ્યશ્રી | અધ્યક્ષશ્રી,<br>ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ<br>પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ : ૨૫.૦૬.૨૦.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar